# દિલ્હીમાં આતંકવાદી હુમલાનો ખતરો

નવી દિલ્હી,તા.૯

સ્વતંત્રતા દિવસ પહેલા રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને અન્ય કેટલાક મોટા શહેરોમાં હુમલા થઈ શકે છે તેવી ઈન્ટેલિજન્સ બ્યુરો દ્વારા બાતમી મળ્યા બાદ દિલ્હીમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હી પર મોટા આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતુકે આઈબી પાસેથી ગુપ્ત માહિતી મળી છે. આઈબીએ એક પત્ર લખીને દિલ્હી પોલીસને રાષ્ટ્રીય પાટનગર પર હુમલાનો ખતરો હોવાની વાત કરી છે. સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ(સ્પેશિયલ સેલ) એસએમ શ્રીવાસ્તવે કહ્યુ છે કે અમને આઈબી પાસેથી એક પત્ર મળ્યો છે જેમાં ૧૫મી ઓગસ્ટ પહેલા હુમલો થઈ શકે છે તેવી વાત કરવામાં આવી છે. દિલ્હી પોલીસે આ ગુપ્ત માહિતી મળ્યા બાદ હાઈએલર્ટની જાહેરાત કરી છે અને તમામ જગ્યાઓએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બજાર, ભરચક સ્થળો, માર્કેટ, ઉંચી ઈમારતો અને સરકારી ઓફિસો ખાતે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. એલર્ટ કરી દેવામાં આવ્યા બાદ સાવચેતી રાખવામાં આવી રહી છે. મુંબઈમાં ૨૬/૧૧ના માસ્ટર માઈન્ડ અને જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઈદ દિલ્હીમાં મોટા હુમલાને અંજામ આપી શકે છે.



સઈદે એક રેલીમાં ભારતની સામે ઉશ્કેરણીજનક નિવેદન કરીને વર્ષ ૨૦૦૦માં લાલ કિલ્લા પર કરવામાં આવેલા આતંકવાદી હુમલાને દોહરાવવાની ધમકી આપી છે. આઈબીએ આ સંબધમાં પત્ર લખીને જાણ કરી છે. તાજેતરમાં જ કરાચીમાં એક રેલીમાં સઈદે જેહાદને માત્ર બીજા દેશો સુધી મર્યાદિત ન રાખીને ભારતમાં પણ આને ફેલાવવા કહ્યુ છે. કહ્યુ છે કે દિલ્હીમાં હુમલો કરવો ખૂબ જરૂરી છે. દિલ્હી પોલીસ દ્વારા સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. કેટલાક નવા નિયંત્રણો જારી કરાયા છે. ધાર્મિક સ્થળો, મોટા મોલ,ભરચક વિસ્તારો ખાતે પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા છે. ઐતિહાસિક સ્થળો પર ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા માટે નવી વ્યૂહરચના તૈયાર થઈ રહી છે.

## સમગ્ર દેશ ત્રાસવાદીના હિટલીસ્ટમાં છે : ભાજપ

નવી દિલ્હી,તા.૯

દિલ્હીમાં આતંકવાદી હુમલો થઈ શકે છે તેવી આઈબીએ ચેતવણી આપ્યા બાદ ભાજપે આજે ચિંતાવ્યક્ત કરી હતી. ૬૭માં સ્વતંત્રતા દિવસ પહેલા આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ભાજપના પ્રવક્તા મિનાક્ષી લેખીએ કહ્યુ છે કે માત્ર દિલ્હીમાં જ નહીં બલકે સમગ્ર દેશ આતંકવાદીઓના ટાર્ગેટ પર છે.

લેખીએ ઉમેર્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય મોરચા પર હાલ ગંભીરપ્રકારની સ્થિતિ સર્જાઈ રહી છે. પશ્ચિમી સત્તાઓ અફઘાનિસ્તાનમાંથી પોતાના લોકોને ખસેડી રહી છે. અફઘાનિસ્તાન જેવા દેશોમાં ત્રાસવાદીઓને વધારે તક મળી શકે છે. અફઘાનિસ્તાનમાંથી તાલિબાની ત્રાસવાદીઓ અન્યત્ર ખસવાની તૈયારીમાં છે. ભારત સરકાર શા માટે ચિંતિત દેખાઈ રહી નથી તે સૌથી મોટો પ્રશ્ન છે. ઈન્ટેલિજન્સ બ્યુરો દ્વારા હુમલો થઈ શકે તેવી ચેતવણી આપવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ તીવ્ર બનાવી દેવામાં આવી છે. મુંબઈ હુમલામાં સામેલ રહેલા માસ્ટરમાઈન્ડે ચેતવણી આપ્યા બાદ ચેતવણીની વિશ્વસનિયતા વધી ગઈ છે.

## વિપક્ષ રાજી થશે તો લોકપાલ બિલ આ સત્રમાં પસાર થશે

નવી દિલ્હી,તા.૯

સંસદના મોનસૂન સત્રમાં તેલંગાણા, આઈએએસ અધિકારી દુર્ગા શક્તિ નાગપાલને સસ્પેન્સ કરવાનો મામલો અને ખાદ્યાન સુરક્ષા બિલને લઈને ધાંધલ ધમાલના દોર વચ્ચે પણ સરકારને આશા છે કે કેટલાક મહત્વપૂર્ણ બિલ સંસદમાં પસાર થઈ જશે. લોકપાલ બિલને પણ સંસદમાં આ સત્રમાં જ રજૂ કરવા ઉપર સરકાર પોતાના વિકલ્પ ઉપર વિચારણા કરી રહી છે. કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે આ અંગેના અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે જો વિપક્ષ તરફથી મોનસૂન સત્રમાં સહમતિ થઈ જશે તો લોકપાલ બિલને પાસ કરાવવામાં આવી શકે છે. કોંગ્રેસના મહાસચિવે એમ પણ કહ્યું છે કે જો વિપક્ષ તરફથી સંપૂર્ણ સહકાર નહીં મળશે તો આવનાર દિવસોમાં કેટલાક મહત્વપૂર્ણને પસાર કરી શકાશે નહીં. મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી પૂણેમાં આયોજિત કાર્યકરોની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે લોકપાલ કાયદો આપવાની બાબત કોંગ્રેસના વર્ષ ૨૦૦૯ના લોકસભા ચૂંટણીમાં આપવામાં આવેલા વચનો પૈકી એક છે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ વ્યક્તિગત રીતે મહિલા અનામત બિલમાં એક પ્રકારથી માર્ગદર્શકની ભૂમિકા અદા કરી છે પરંતુ સંસદમાં રહેલા સાંસદો ઉપર તમામ બાબત આધારિત રહેલી છે. આ બિલને તેઓ ઈચ્છે છે કે કેમ તે બાબત સાંસદો ઉપર આધારિત છે. લોકપાલ કાયદાને લઈને ભારે હોબાળો રહ્યો છે. રહેલી જોગવાઈ માટેનો રસ્તો ખુલી શક્યો નથી. લોકપાલ બિલને પાસ કરાવી લેવામાં આવશે તો મોટી સફળતા સમાન રહેશે.કેટલાક મહત્વપૂર્ણ બિલ ભારે ધાંધલ ધમાલના કારણે પસાર કરી શકાયા નથી.

## ઈદના પર્વની સમગ્ર દેશમાં ઉત્સાહ સાથે ઉજવણી

નવી દિલ્હી,તા.૯

પ્રેમ અને ભાઈચારાના પ્રતિક સમાન ઈદના તહેવારની આજે દેશભરમાં અને દુનિયાભરમાં શુભેચ્છાઓ આપી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ઈદના પ્રસંગે મુસ્લિમોને શુભેચ્છા પાઠવી છે. હમીદ અન્સારીએ પોતાના સંદેશમાં સમુદાયને શુભેચ્છા પાઠવી છે અને કહ્યું છે કે દરેક તહેવાર શાંતિ અને એકતા લાવે છે. સદ્ભાવને વધારે છે. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન નમાઝ અદા કરવામાં આવ્યા બાદ એક બીજાને શુભેચ્છાઓ આપી હતી. નવી દિલ્હીની જામા મસ્જિદમાં હજારો લોકો એકત્રિત થયા હતા.





વિસ્તારોમાં આજે ઈદની ઉજવણી કરવામાં આવી હતી. ગઈકાલે પણ ઈદની ઉજવણી થઈ ચૂકી છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, વડાપ્રધાન મનમોહનસિંહ અને અન્ય લોકોએ દેશના લોકોને ઈદના પ્રસંગે પવિત્ર રમઝાનની મહત્વતાનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે આ તહેવારને ભાઈચારા સાથે એક સાથે મળીને ઉજવવામાં આવે તે જરૂરી છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસમાં શાંતિ સદ્ભાવની સાથે સામેલ થવા બદલ મુસ્લિમ પણ કરવામાં આવ્યું હતું. તમામ રાજ્યના મુખ્યમંત્રીઓએ પણ ઈદના દિવસે શુભેચ્છા પાઠવી છે. મસ્જિદોમાં સામુહિક નામઝ અદા કરવામાં આવી હતી. આની સાથે જ આજે રમઝાનના પવિત્ર મહિનાનો અંત આવી ગયો હતો. સામુહિક રાજકારણીઓ અને સેલિબ્રિટીઓ ઉપરાંત તમામ લોકોએ એક બીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. કેન્દ્રિય આરોગ્ય પ્રધાન ગુલામ નબી આઝાદ અને ભાજપના પ્રવક્તા શાહ નવાઝ હુસૈને પણ નમાઝ અદા કરીને દરેકને હેપ્પી ઈદ કહ્યુ હતુ.

## દુર્ગા ઈફેક્ટ : આઈએએસ સસ્પેન્સન નિયમો બદલાશે


નવી દિલ્હી,તા.૯

દુર્ગાશક્તિ નાગપાલના સસ્પેન્શનના મામલે ભારે વિવાદ થયો છેત્યારે કેન્દ્ર સરકાર હવે આઈએએસ ઓફિસરને વ્યાપક હિતોના કારણે સસ્પેન્ડ નકરી શકાય અથવા તો ટ્રન્સફર ન કરી શકાય તેની ખાતરી કરવા નિયમોમાં સુધારા કરવા વિચારણા કરી રહી છે. દુર્ગાશક્તિ નાગપાલના સસ્પેન્સનને લઈને સરકાર આઈએએસ સસ્પન્સન નિયમોમાં ફેરફાર કરવા વિચારી રહી છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ)સાથે સંબંધિત વહિવટી મામલાઓ માટે નોડલ એજન્સી તરીકે કામ કરતા ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેની(ડીઓપીટી) દ્વારા નિયમોમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. સર્વિસના ઓફિસર સામે કોઈ શિસ્તના પગલા માટે નવા નિયમો પાળવામાં આવે તેના પર ભાર મૂકવામાં આવશે. ડીઓપીટીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છેકે અમે ઓલ ઈન્ડિયા સર્વિસ ડિસિપ્લીન એન્ડ અપિલ નિયમ ૧૯૬૯માં સુધારા કરવા વિચારણા કરી રહ્યા છીએ. આવી સર્વિસના ઓફિસરને રાજકીય દ્વેશભાવ અથવા તો અન્ય કોઈ પણ વ્યાપક હિત ધરાવતા તત્વોના દબાણ હેઠળ સસ્પેન્ડ ન કરી શકાય અથવા તો તેમની બદલી ન કરી શકાય તે માટે આ નિયમોમાં સુધારા કરવામાં આવશે. ઓફિસરો તેમની કામગીરી કોઈ પણ અડચણ વગર પૂર્ણ કરે તેવી યોજના સરકાર બનાવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ જો નિયમોમાં ફેરફાર કરાશે અને લાગુ કરાશે તો ઓફિસરોને ખૂબ મોટી રાહત મળી શકે છે. ઉત્તરપ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર દુર્ગા નાગપાલના મામલે આમને સામને આવેલી છે.

## બલરાજ શાહનીના આવાસ ઉપર માફિયાઓનો કબજો

અમૃતસર,તા.૯

વિતેલા વર્ષોના સિલ્વર સ્ક્રીનના સર્વશ્રેષ્ઠ અભિનેતા પૈકીના એક બલરાજ શાહનીના મકાન ઉપર લેન્ડ માફિયાઓએ કબજો કરી લીધા હોવાના અહેવાલ મળ્યા છે. અમૃતસરથી આશરે ૩૦ કિલોમીટરના અંતરે સ્થિત પંજાબી, હિંદી અને ઉર્દૂ લેખકોના હબ પૈકીના એક પ્રિતનગરમાં લેન્ડ સાર્ક ઉપર માફિયાઓએ કબજો જમાવી દીધો છે. આ મકાન એક વખતે બલરાજ શાહનીનું હતું. તેના ઉપર ગેરકાયદે કબજો કરવામાં આવી ચૂક્યો છે. જાણીતા સાહિત્યકાર ગુરબક્ષસિંહના પુત્ર રુદયપાલ સિંહે કહ્યું છે કે બ્રિટિશ શાસનમાં પ્રિત નગરની રચના કરવામાં આવી હતી. અહીં ટોચના લેખકો અને કવિઓ ભેગા થતા હતા જેમાં શાહિર લુધિયાનવી, ઉપેન્દ્રનાથ, કર્તારસિંહ એકત્રિત થતા હતા. બલરાજ શાહનીએ ૧૯૬૦માં આ મકાન ખરીદી લીધું હતું પરંતુ તેમની વસીયતમાં આ અંગેનો ઉલ્લેખ બલરાજ શાહનીએ કર્યો ન હતો. રખેવાળ તરીકે અમૃતસરમાં એક સંબંધીને મૂકી દેવામાં આવ્યા હતા પરંતુ આ વ્યક્તિ અને કેટલાક અન્યોએ મળીને બનાવટી દસ્તાવેજો બનાવી આને વેચી માર્યુ હતું. હવે નવા માલિકો બલરાજ શાહનીના મકાનને તોડી ચૂક્યા છે અને કોઈને પણ જવાની મંજૂરી આપી રહ્યા નથી. બલરાજ શાહનીના પુત્ર પરિક્ષીત શાહનીને કાયદાકીય દસ્તાવેજો નહીં હોવાના કારણે તેમના પિતાના આ આવાસમાં કોઈ રસ નથી. તેઓએ આ મામલો કોર્ટમાં ક્યારેય રજૂ કર્યો નથી.



૧૯૫૩ની ક્લાસિક ફિલ્મ દો બિગા જમીનમાં બલરાજ શાહનીએ શંભુની યાદગાર ભૂમિકા અદા કરી હતી જે આજે પણ અમીર બનેલી છે. એક અમીર વેપારી પાસેથી પોતાની જમીન મળેવવા એક ખેડૂતની સંઘર્ષ કથા ઉપર આધારિત આ ફિલ્મ હતી. બલરાજ શાહનીએ બોલિવૂડના સૌથી ટોચના એક તરીકે હજુ સુધી ગણવામાં આવે છે. બલરાજ શાહનીએ ૧૯૭૩માં એટેકના કારણે મૃત્યુ થયું હતું.

## કાશ્મીરમાં ટેક્સી ખીણમાં ખાબકતા ૯ લોકોના મોત

શ્રીનગર,તા.૯

ઉત્તરકાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક ટેક્સી ઉંડી ખીણમાં ખાબકી જતા ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે અને અન્ય ચાર લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ટાટા સુમો ટેક્સી બારામુલ્લા જિલ્લામાં અંકુશરેખા નજીક ઉરી તહેસિલમાં બારાનાતે અને બોનિયાર ગામ વચ્ચે ૧૫૦ ફૂટ ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. ટ્રાફિક વિભાગના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુ હતુ કે આ બનાવમાં છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે અન્ય ત્રણ લોકોના હોસ્પિટલ લઈ જતી વેળા મોત થયા હતા. અન્ય ઘાયલ થયેલા લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બનાવમાં તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ચાર અન્ય લોકોને વધુ સારવાર માટે વધુ સુવિધા ધરાવતી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તાતા સુમો ટેક્સીમાં નવ લોકોને બેસાડવાની મંજૂરી આપવામાં આવે છે પરંતુ આ ટેક્સીમાં વધારે લોકો હોવાની બાબત પણ જાણવા મળી છે. મૃતકોની ઓળખ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

## કસીનો ઈન્ડસ્ટ્રીનું ટર્નઓવર વર્ષમાં ૧૦૦૦ કરોડ પહોંચ્યું

પણજી,તા.૯

ગોવામાં કસીનો ઈન્ડસ્ટ્રીમાં હમેશા તેજી રહે છે. તાજેતરમાં જ વિદેશી પ્રવાસ મોંઘા બની ગયા બાદ હવે દરિયાકાંઠા ઉપર આવેલા ગોવામાં અમીર ભારતીયો કસીનોમાં હાલમાં વધારો થયો છે. ગોવામાં અનેક કસીનો આવેલા છે જેમાં મોટાપાયે ગેમલીંગ કારોબાર ચાલી રહ્યો છે. ઓફસોર કસીનો જે રિવર મંડોવી પર આવેલા છે. ત્યાં પણ મોટાપાયે લોકો આકર્ષિત થઈ રહ્યા



જવા ઉપર પસંદગી ઉતારી રહ્યા છે. કસીનો ઈન્ડસ્ટ્રીમાં વાર્ષિક ટર્નઓવરનો આંકડો ૯૦૦થી ૧૦૦૦ કરોડની આસપાસનો છે. જો કે વાસ્તવિક આંકડો આનાથી પણ ખૂબ ઊંચો હોવાનો દાવો આ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકો દ્વારા કરવામાં આવે છે. મકાઉ અથવા લાસવેગાસને કસીનો માટે મુખ્ય કેન્દ્ર તરીકે ગણવામાં આવે છે પરંતુ આ જગ્યા ઉપર પહોંચવાની બાબત ખૂબ ખર્ચાળ સાબિત થાય છે જેના પરિણામ સ્વરૂપે હવે અમીર લોકો ગોવામાં જવાનું પસંદ કરી રહ્યા છે. ગોવામાં કસીનોની આવકમાં પણ છે. રાજ્ય સરકારને પણ કસીનો મારફતે જંગી આવક થઈ રહી છે. સત્તાવાર રીતે કસીનો ઈન્ડસ્ટ્રીનો ટર્નઓવર હજારો કરોડમાં પહોંચી ગયો છે. આવનાર દિવસોમાં કારોબાર વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. ઓફસોર કસીનોની વાત કરવામાં આવે તો કસીનો રોયલ, કસીનો કાર્નિવલ અને કસીનો પ્રાઈડ છે જ્યારે ઓનસોર કસીનોની વાત કરવામાં આવે તો તેમાં કસીનો પર્લ, ક્રાઉન્ડ લોન્જ એન્ડ કસીનો, કસીનો પેરાડાઈઝ, કસીનો ડિસ, કસીનો ગોલ્ડ ફિંગર, હેસીન્ડા કસીનો, કસીનો ટ્રેઝરનો સમાવેશ થાય છે.

## ઓસીઆઈ કાર્ડ સભ્યોની સંખ્યામાં ૧૦ ગણો વધારો

નવી દિલ્હી,તા.૯

તાજેતરમાં જ એકત્રિત કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતીય મૂળના બે લાખથી વધુ લોકો ૨૦૧૦ બાદથી દર વર્ષે ઓવરસીસ સિટીઝનશીપ ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડ માટે પસંદગી ઉતારી રહ્યા છે. ૧૨ લાખથી વધુ પીઆઈઓ વિદેશી ભારતીય કાર્ડ ધરાવે છે. છેલ્લા સાત વર્ષના ગાળામાં આમા ૧૦ ઘણો વધારો થઈ ચૂકયો છે. છેલ્લા પાંચ મહિનાના ગાળામાં એક લાખ ઓસીઆઈ કાર્ડ આપવામાં આવ્યા છે. ભારતના વિદેશી નાગરિકોનું સૌથી મોટું ગ્રૂપ અમેરિકામાં રહેલું છે. અમેરિકામાં ૫.૨ લાખ કાર્ડ ધારકો ભારતીય મૂળના છે. ત્યારબાદ બ્રિટન બીજા સ્થાને છે. બ્રિટનના ૩.૧ લાખ કાર્ડ ધારકો છે. ઓસીઆઈની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો મેળવનાર અથવા તો ઉલ્લેખનીય સંખ્યામાં ઓસીઆઈ કાર્ડ ધરાવનારમાં ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયા છે. ઓસ્ટ્રેલિયાના આવા લોકોની સંખ્યા ૧.૩ લાખ અને કેનેડાના આવા લોકોની સંખ્યા ૧.૧ લાખ જેટલી છે. આનો મતલબ એ થયો કે દરેક પાંચ ઓસીઆઈ પૈકી આશરે ચાર આ દેશો પૈકી એક દેશમાં રહે છે. ઓસીઆઈ કાર્ડની સંખ્યા વર્ષ ૨૦૦૬-૦૭માં ૧.૧૨ લાખથી વધીને ફેબ્રુઆરી ૨૦૧૩ સુધીના આંકડા મુજબ ૧૨.૫૨ લાખ થઈ ગઈ છે.

આનો મતલબ એ થયો કે માત્ર સાત વર્ષના ગાળામાં ઓસીઆઈ કાર્ડ સભ્યોની સંખ્યામાં ૧૦ ગણો વધારો થયો છે. આ વર્ષે ફેબ્રુઆરી અને જુલાઈ વચ્ચેના ગાળામાં ઓસીઆઈ કાર્ડધારકોની સંખ્યા ૧૩.૭૨ લાખ સુધી પહોંચી છે. વધુમાં ૧૧૬૭૨ અરજીઓ ૧૦૭ ભારતીય મિશનો અને વિશ્વભરના અન્ય ક્ષેત્રોમાં પ્રોસેસ હેઠળ છે. ઓસીઆઈને બેવડી નાગરિકતા તરીકે ગણી શકાય નહીં. છતાં પણ આને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

કોટડીના લોખંડનાં દરવાજા દિવાલથી ૩ ફૂટ લાંબા લોખંડના સળીયાથી બંધ થતા. જેથી કોઇ કેદી દરવાજો ખોલી ન શકતાં. કોટડીની ઉપરના ભાગે ઘણે ઊંચે (૩ બાય ૧ ફૂટ)નું વેન્ટીલેશન આપવામાં આવ્યું છે તે શક્તિએ અમને બતાવ્યું. જેનાથી કેદીઓને કોઇ રાહત થાય તેવું હતું નહીં. જેલની રચના એવા પ્રકારની છે કે કોઇ કેદી બીજા કેદી સાથે વાતચીત કરી ન શકે. કોટડીઓની આગળ ચાર ફૂટનો વરંડો છે. જે લોખંડના ગર્ડરથી મજબૂત બન્યો છે. બધા જ વરંડા મધ્ય ટાવરને મળે છે. જેલમાં પ્રવેશ કરવા અને બહાર નીકળવા માટે એક જ રસ્તો છે. અહીં ત્રણે માળ પર એક વોર્ડન, એક ઉપ વોર્ડન અને બીજા અને ત્રીજા વોર્ડન મળી કુલ એકવીસ વોર્ડનો સતત ગસ્ત લગાવતા ડ્યુટીમાં તૈનાત રહેતા હતા. જે ખાસ તો ક્રાંતિકારીઓની ગતિવિધિઓ પર નજર રાખતા. શક્તિની આ વાતો સાંભળતા અમે તે સમયના માહોલની કલ્પના કરતા કરતા આગળ વધતા હતા. આ જોઇ ક્રાંતિકારીઓની વીરતા, ધીરતા અને જુસ્સા માટે ગૌરવ ઉપજતું હતું.

જેલ ને જોઇને અને બહાર આવ્યા ત્યારે રસ્તાની સામેની બાજુમાં આવેલ વીર સાવરકર પાર્ક જોવા અમે આગળ વધ્યા. અહીં જે ૬ ક્રાંતિકારીઓને જેલના અમાનુષી અત્યાચાર અને યાતનાઓને કારણે જેલમાં જ જીવન લીલા સંકેલી અંતિમ શ્વાસ લીધેલા તેમની પૂર્ણ કદની પ્રતિમાઓ સાવરકર પાર્કમાં મુકવામાં આવી છે. જેમ કે, (૧) ઇન્દુ ભૂષણ (૨) બાબા ભાનસિંહ (૩) મોહિત મોઇત્રા (૪) રામરકશા (૫) મહાવીર સિંહ (૬) મોહન કિશોર નમાદાસજી. આ પ્રતિમાઓમાં ક્રાંતિકારીઓને જુદી જુદી રીતે બેડીઓ કેવી કેવી પહેરવવામાં આવતી હતી તે ખાસ દર્શાવેલું છે. આજુબાજુ સુંદર બગીચો છે. વીર સાવરકરની તો બહુ મોટી પ્રતિભા અહીં જોવા મળે છે.

'રાષ્ટ્રીય સ્મારક' રૂપે સચવાયેલી ક્રાંતિકારીઓની આ સ્મૃતિઓને જોતાં તેમનાં સન્માનમાં આપણું શીશ ઝુકી જાય છે. કોઇ પણ દેશપ્રેમી નાગરીકની આંખમાં આંસુ આવી જાય તેવાં કેટલાંક દશ્યોને નિહાળ્યા પછી નતમસ્તક શહિદોને શ્રદ્ધાંજલી અર્પી અમે આગળ વધ્યાં ત્યાં તો વણ નોતર્યા મહેમાન જેવો વરસાદ ઝરમર ઝરમર વરસવા લાગ્યો. વળી ભોજનનો સમય પણ થયો હતો તેથી હોટલ અરવિંદ જયાં ગુજરાતી ભોજનની વ્યવસ્થા હતી તેને સૌએ ન્યાય આપવાનો હતો. જો અગાઉથી વ્યવસ્થા ન કરવામાં આવી હોય તો ગુજરાતીઓ અને જેમાં મોટા ભાગનાં શાકાહારી હોય છે તેવા પ્રવાસીઓને અહીં મુશ્કેલીનો સામનો કરવો પડે પરતું અમારા માટે ઉપેન્દ્રભાઇ સિદ્ધપુરાએ સુંદર વ્યવસ્થા કરી હતી. જેથી તૃપ્તિના આનંદ સાથે આગળના પ્રવાસ માટે અમે સૌ અધિરા બન્યા હતા.

(ક્રમશઃ)

### સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

સુખ મેળવવા માટે જરૂરી શ્રમ કરવામાં તેઓ નાનમ નહોતા અનુભવતા. દેવોની કૃપા માટે તેઓ પ્રાર્થનાઓ કરતા. વેદોના મંત્રોના લગભગ ૭૦% મંત્રોમાં પ્રાર્થનાઓ છે. પણ પ્રાર્થનામાં ભગવાન પાસે વિપુલ ધન માગતા. સારા વસ્ત્રો - અલંકારો માગતા વિશાળ આવાસો - માગતા. જ્ઞાન તથા બુદ્ધિ માગતા. પણ કયાંક કર્મ કરવામાંથી છૂટકારો મેળવવાની વાત નથી કરી. વેદોમાં સુખ માટેનો ભૌતિક જીવન પ્રત્યેનો વિધાયક અભિગમ જોવા મળે છે. ભારતે લગભગ પાંચ-હજાર વર્ષ સુધી જીવન પરત્વેનો હકારાત્મક વિધાયક અભિગમ અપનાવ્યો હતો. તે સમય જ ભારતનો સાચો સુવર્ણકાળ હતો.

વેદોમાં પ્રાર્થના ઉપરાંત 'યમ-યમી' સંવાદ જેવી સામાન્ય સ્થિતિ પર ચર્ચા છે. ભાઇ-બહેન વચ્ચે જાતીય - સંબંધ ન બંધાય તેવું સ્પષ્ટ મંતવ્ય વ્યક્ત થયું છે. 'પૃથ્વી-સૂક્ત'માં ધરતીની પ્રશંસા છે. સૂર્ય-પુત્રી સૂર્યાના વિવાહનો પ્રસંગ છે તેમાં લગ્નવિધિ - કન્યા વિદાય - વધૂના વર ઘર આગમન જેવા પ્રસંગોના વર્ણનો છે. યજુર્વેદમાં વિશિષ્ટ યજ્ઞ તથા તેનાથી થતા લાભોના વર્ણનો છે. 'શિવસંકલ્પસૂક્ત' માં મનની ગતિ તથા શક્તિનું વર્ણન છે. અપર્વ વેદમાં વિવિધ ઔષધિઓ તથા રોગ પરની અસરોના વર્ણનો છે.

આયુર્વેદ તો અથર્વવેદનો ઉપવેદ કહેવાય. સ્વપ્નને સ્વપ્નના ફળાદેશો છે. દેવોન વૈદ્ય અશ્વિનીકુમારે બનાવેલ અદ્ભૂત યંત્ર તથા જાત-જાતની સર્જીકલ - ઓપરેશન વિગતો છે. વેદો જ્ઞાનનો ભંડારો છે.

દરેક વેદ તેની સાથે સંલગ્ન બ્રાહ્મણ - ગ્રંથો તથા ઉપનિષદો - તેની શાખાઓ ઇત્યાદિની માહિતી ગાયત્રી પરિવાર દ્વારા પ્રસિદ્ધ થયેલ ચારે વેદ-સંહિતામાં આપી છે. આચાર્યશ્રી રામશર્માએ સંહિતામાં પાઠ પણ આપ્યા છે. કેટલીક શાખાઓ આજે ક્યાંક ઉપલબ્ધ નથી. કાળનાં પ્રવાહમાં કેટલીક સંહિતાઓ નષ્ટ થઇ. કેટલાક ગ્રંથો અજ્ઞાનતાને કારણે નષ્ટ થઇ તો કેટલાક ગ્રંથો અજ્ઞાનતાને કારણે નષ્ટ થઇ તો કેટલાક ગ્રંથો વિદેશી આક્રમણોથી નાશ કરવામાં આવ્યા. આમ છતાં હજી જે બચ્યું છે તે પણ જાણવા માણવા જેવું છે. નીચે ચાર વેદ વિશે સંક્ષિપ્ત માહિતી આપી છે.

● ઋગ્વેદ - દસ મંડળો ધરાવે છે. મંડળ એટલે અમુક સૂક્ત નો સમૂહ. દરેક મંડળમાં સૂક્તોની સંખ્યા નક્કી થઇ. કાઇ સૂક્તમાં માત્ર ત્રણ મંત્ર છે તો કોઇમાં ૧૧૦ કુલ મંત્રોની સંખ્યા ૧૦૫૦૦ જેટલી છે. પહેલા બે મંડળ ભારત બહાર રચાયા હોય તેમ લાગે છે. દસમા મંડળની ભાષા વધારે અર્વાચીન છે.

● યજુર્વેદ - મુખ્યત્વે કર્મકાંડ તથા યજ્ઞચરક છે તેમાં ચાલીશ અધ્યાય છે. છેલ્લા અધ્યાય ઇશ - ઉપનિષદ છે. આ વેદનાં બે ભાગ છે. શુક્લ - યજુર્વેદ તથા કૃષ્ણ યજુર્વેદ. હાલના બ્રાહ્મણોમાં આપણે ત્યાં શુક્લ - યજુર્વેદ શાખાના છે. દક્ષિણ ભારતમાં કૃષ્ણ યજુર્વેદની અસર છે.

● સામવેદ - ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રો સામ-ગાન-સંગીતમાં મળેલા છે. સામગાન યજ્ઞ વખતે કરાતું ગુજરાતમાં સામગાનના જાણકારો હજુ હમણાં સુધી મળતા.

● અથર્વવેદ - શરૂઆતમાં વેદ તરીકે માન્યતા નહોતી મળી, જાદુવિદ્યાનો ગ્રંથ ગણાતો. તેના બે ભાગ છે અને ૨૦ કાંડ છે તેના લગભગ પંદર ઉપનિષદો છે. ઔષધ-વિજ્ઞાન આ વેદ પર આધારિત છે. વ્યવહાર જીવનના નાના મોટા પ્રસંગ પર કેમ વર્તવું તેના ઉદાહરણો છે.

(ક્રમશઃ)

નોંધ : વેદ-કાલીન દેવો વિશે હવે પછી...